Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-5, Continuous Issue-35, January - February 2026

# ગુણવંતી ગુજરાત

-ડૉ. મનન ઠાકોર

હું ગુણિયલ ગુજરાતી મારી ગુણવંતી ગુજરાત,
હૈયું મારું હેતથી ગાતું જય જય જય ગરવી ગુજરાત.

ભારતવર્ષે પશ્ચિમ દિશે પુણ્ય પ્રતાપી ભોમ ગુજરાતી;
જગમાં જય જગાવે એવું જનમાં ભર્યું જોમ ગુજરાતી.
વિશ્વફલક પર વાગે ડંકો પડઘાય વ્યોમે વ્યોમ ગુજરાતી.
ગજ ગજ ફૂલે છાતી જેની એવી ગરવી કોમ ગુજરાતી.
હું ગુણિયલ ગુજરાતી.....

રણ, જંગલ ને દરિયો જેની પૂંજી પારાવાર ગુજરાતી;
મહી, રેવા, તાપી ને સાબર નદીઓ શણગાર ગુજરાતી.
સુરત-સોરઠ ભાલ-ચરોતર કચ્છ-વાગડ વઢિયાર ગુજરાતી.
ચોટીલા આરાસુર પાવા ગઢ ગરવો ગિરનાર ગુજરાતી.
હું ગુણિયલ ગુજરાતી.....

ફાટે પણ ફીટે નહીં એવી પડી પટોળે ભાત ગુજરાતી;
સત્યાગ્રહના નામે સરદાર-ગાંધીની છે જાત ગુજરાતી.
શાણી ને સમજણ ભરેલી સૌથી નોખી વાત ગુજરાતી.
ઈતિહાસને પાને પાને ઊજળી છે પ્રભાત ગુજરાતી.
હું ગુણિયલ ગુજરાતી.....

હેમ નરસિંહ નર્મદ મેઘાણી ઉમાશંકરની ભાષા ગુજરાતી;
ઘુડખર વડ કેરી સિંહ સુરખાબની પરિભાષા ગુજરાતી.
સુખ દુઃખમાં ડગલે ને પગલે એકમેકની આશા ગુજરાતી.
ધોળાવીરા લોથલની ધૂળમાં ધરબાયેલ વાચા ગુજરાતી.
હું ગુણિયલ ગુજરાતી.....

નવલી નવ નવ રાતમાં ગરબે ઘૂમતી ગરવી નાર ગુજરાતી,
હળીમળીને હોંશે હોંશે ઊજવે દરેક તહેવાર ગુજરાતી.
દુનિયાના ખૂણે ખૂણે પહોંચી કરી રહ્યો વ્યાપાર ગુજરાતી.
હળીમળીને રહે હરખથી ઘર ઘર વહેંચે પ્યાર ગુજરાતી.
હું ગુણિયલ ગુજરાતી

---

ડૉ. મનન ઠાકોર

( શિક્ષક,  ડાભી પ્રાથમિક શાળા તા-સુઈગામ)